Paper Code - 3569

B.A. Semester-III (ગુજરાતી)

July-September-2021

CE304 : ગ્રંથકારનો અભ્યાસ : નર્મદ (નિયત કૃતિ : 'નર્મદની કવિતા')

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

1. નર્મદ કયા યુગનો સર્જક હતો ?
   (A) પ્રાચીન યુગ (B) મધ્યકાલીન યુગ (C) અર્વાચીન યુગ (D) આધુનિક યુગ
2. નર્મદનો જન્મ ક્યાં થયો હતો ?
   (A) અમદાવાદ (B) સુરત (C) મુંબઈ (D) નડિયાદ
3. નર્મદનો જન્મ કઈ સાલમાં થયો હતો ?
   (A) ૨૪ મી ઓગસ્ટ ૧૭૩૩ (B) ૨૪ મી ઓગસ્ટ ૧૮૩૩ (C) ૨૪ મી ઓગસ્ટ ૧૭૩૪ (D) ૨૪ મી ઓગસ્ટ ૧૮૩૪
4. તમારા અભ્યાસક્રમમાં નિયત થયેલ "નર્મદની કવિતા" એ પુસ્તકના સંપાદક કોણ છે ?
   (A) કવિ નર્મદ (B) કે. બી. વ્યાસ (C) રમેશ મ. શુક્લ (D) ભોગીલાલસાંડેસરા
5. નર્મદને કયું ઉપનામ મળ્યું છે ?
   (A) અર્વાચીનોમાંઆદ્ય (B) મધ્યકાળનો છેલ્લો કવિ (C) બંસીબોલનો કવિ (D) આદિકવિ
6. નર્મદના પિતાનું નામ શું હતું ?
   (A) દયાશંકરદવે (B) લાલશંકરદવે (C) ઉમાશંકરદવે (D) મૂળશંકરદવે
7. નર્મદના પિતાનો વ્યવસાય કયો હતો ?
   (A) સોની (B) ખેડૂત (C) કારભારી (D) લહિયા
8. નર્મદની માતાનું નામ શું હતું ?
   (A) દુર્ગાદેવી (B) લક્ષ્મીદેવી (C) નવદુર્ગા (D) અન્નપૂર્ણા
9. નર્મદે પ્રાથમિક શિક્ષણ ક્યાં લીધું હતું ?
   (A) નડિયાદ (B) વલસાડ (C) સૂરત (D) મુંબઈ
10. નર્મદેમુંબઇમાં જે સંસ્થામાં માધ્યમિક શિક્ષણ લીધું હતું તેનું નામ શું હતું ?
    (A) એલ. જે. ઇન્સ્ટિટ્યૂટ (B) મુંબઈ જ્ઞાનમંદિર (C) એમ. જે. વિદ્યામંદિર (D) એલ્ફિન્સ્ટન્ટ ઇન્સ્ટિટ્યૂટ
11. નર્મદ કયા ગામમાં શિક્ષક તરીકે નોકરી કરતો હતો ?
    (A) રાંદેર (B) વરાછા (C) કતારગામ (D) અમરોલી
12. નર્મદની પ્રથમ પત્નીનું નામ શું હતું ?
    (A) લક્ષ્મીગૌરી (B) સવિતાગૌરી (C) ડાહીગૌરી (D) નર્મદાગૌરી
13. નર્મદના પ્રથમ લગ્ન કેટલાં વર્ષની ઉંમરે થયાં હતાં ?
    (A) ૧૧ (B) ૧૨ (C) ૧૩ (D) ૧૪
14. નર્મદનું અવસાન કેટલા વર્ષની ઉંમરે થયું હતું ?
    (A) એકાવન (B) બાવન (C) ત્રેપન (D) ચોપ્પન
15. નર્મદેકવિતાલેખનનો પ્રારંભ કરતાં પૂર્વે કઈ પ્રતિજ્ઞા કરી હતી ?
    (A) મારી કવિતા એ જ મારુ જીવન (B) કલમ હવે હું તારે ખોળે છઉં
    (C) કવિતા, વિના મને ન ભાવે કાંઈ (D) કવિતા મારી દુનિયા
16. નર્મદ કઈ જ્ઞાતિમાં જન્મ્યો હતો ?
    (A) યજુર્વેદી બ્રાહ્મણ (B) નાગર બ્રાહ્મણ (C) ઔદિચ્ય બ્રાહ્મણ (D) શ્રીમાળી બ્રાહ્મણ
17. નર્મદનું ધીરાની શૈલીનું પ્રથમ પદ કયું છે ?
    (A) યા હોમ કરીને પડો, ફત્તેહ છે આગે (B) ડગલું ભર્યું કે ના હઠવું (C) પરબ્રહ્મ જગતકર્તા (D) જય જયગરવી ગુજરાત
18. નર્મદે 'ડાંડિયો' નામનું પાક્ષિક ક્યારે પ્રગટ કર્યું હતું ?
    (A) ૧૮૬૪ (B) ૧૮૭૪ (C) ૧૮૮૪ (D) ૧૮૯૪
19. નર્મદેમહાકાવ્યની રચના માટે શોધેલા છંદનું નામ શું હતું ?
    (A) વિરવૃત (B) સ્ત્રગ્ધરા (C) શાર્દૂલ વિક્રીડિત (D) ચોપાઈ
20. "નવ કરશો કોઈ શોક રસિકડાં"- કયા કાવ્યની પંક્તિ છે ?
    (A) હિન્દુઓની પડતી (B) કબીરવડ (C) અવસાન સંદેશ (D) વીરસિંહ
21. નર્મદના સમગ્ર કાવ્યોને કયા પુસ્તકમાં સંગૃહિત કરવામાં આવ્યાં છે ?
    (A) નર્મકવિતા (B) નર્મદની કવિતા (C) નર્મદનાકાવ્યો (D) નર્મસાહિત્ય
22. નર્મદે કવિતા લખવાનો પ્રારંભ ક્યારે કર્યો હતો ?
    (A) ૧૮૫૩ (B) ૧૮૫૪ (C) ૧૮૫૫ (D) ૧૮૫૬
23. "ભૂરો ભાસ્યો ઝાંખો, દૂરથી ધુમસે પહાડ સરીખો, નદી વચ્ચે ઊભો, નિરભયપણેએકસરખો" -કાવ્યપંક્તિ કયા કાવ્યની છે ?
    (A) રાજ્યરંગ (B) કબીરવડ (C) હિન્દુઓની પડતી (D) રોવાકૂટવાનીઘેલાઈ
24. નર્મદના જીવનનો મુદ્રાલેખ કયો હતો ?
    (A) સ્વદેશાભિમાન (B) પ્રેમશૌર્ય (C) સંસારસુધારો (D) સંપ અને એકતા
25. અર્વાચીન યુગમાં ચિંતનાત્મક ગદ્યનો પાયો નાખનાર કોણ છે ?
    (A) નર્મદ (B) દલપતરામ (C) નરસિંહ મહેતા (D) પ્રેમાનંદ

26. નર્મદનીપ્રથમ પત્નીનું અવસાન કઈ રીતે થયું હતું ?

(A) અકસ્માત (B) હૃદયરોગ (C) કેન્સર (D) મૃત બાળક જન્મવાથી

27. મુંબઇમાંનર્મદે સરખે સરખા મિત્રો મળીને કઈ સંસ્થા સ્થાપી હતી ?

(A) મુંબઈ મિત્રમંડળ (B) અન્યોન્ય બુધ્ધિવર્ધક સભા (C) બુધ્ધિપ્રકાશ (D) નર્મદ સાહિત્ય સભા

28. નર્મદે 'અન્યોન્ય બુધ્ધિવર્ધકસભા'માંપ્રથમવાર રજૂ કરેલ ભાષણ કયુ હતું ?

(A) રોવાકૂટવાનીઘેલાઈ (B) મંડળી મળવાથી થતા લાભ (C) સંસારસુધારો (D) વિધવા વિવાહ

29. નર્મદે પ્રારંભિક તબક્કામાંમધ્યકાળના કયા કવિમાંથી પ્રેરણા લઈ કાવ્યસર્જન કર્યું હતું ?

(A) નરસિંહ (B) દયારામ (C) ધીરા ભગત (D) ભોજા ભગત

30. નર્મદનું અવસાન કઈ સાલમાં થયું હતું ?

(A) ૧૮૮૩ (B) ૧૮૮૪ (C) ૧૮૮૫ (D) ૧૮૮૬

31. નર્મદેછંદશાસ્ત્રનુંકયુપુસ્તકનું લખ્યું છે ?

(A) છંદપ્રયોગ (B) છંદપ્રવેશ (C) પિંગળપ્રવેશ (D) છંદોની દુનિયામાં

32. નર્મદેનામે મહાકાવ્ય પણ રચ્યું હતું.

(A) વીરસિંહ (B) કબીરવડ (C) જય જયગરવી ગુજરાત (D) હિન્દુઓની પડતી

33. નર્મદનીકવિતામાં જોવા મળતા 'જોસ્સો' અને 'લાગણી' કયા અંગ્રેજ કવિની અસર દર્શાવે છે ?

(A) મેથ્યુઆર્નોલ્ડ (B) શેલી (C) હેજલિટ (D) એરિસ્ટોટલ

34. ગુજરાતની અસ્મિતાનેવર્ણવતું કયું પ્રચલિત કાવ્ય નર્મદે આપ્યું છે ?

(A) જય જય ગુજરાત (B) જય ગરવી ગુજરાત (C) ગુજરાત મોરી મોરી રે (D) ગુજરાતની અસ્મિતા

35. કયા ગુજરાતી સર્જકેનર્મદને "અર્વાચીનોમાં આદ્ય" કહ્યોછે ?

(A) ક. મા. મુનશી (B) રા. વિ. પાઠક (C) ઉમાશંકર જોશી (D) સુંદરમ

36. કયા ગુજરાતી સર્જકેનર્મદને "પ્રાણવંતો પૂર્વજ" કહ્યો છે ?

(A) ક. મા. મુનશી (B) રા. વિ. પાઠક (C) ઉમાશંકર જોશી (D) સુંદરમ

37. કયા ગુજરાતી સર્જકેનર્મદને "અર્વાચીન ગદ્ય-પદ્યનો પ્રણેતા" કહ્યો છે ?

(A) ક. મા. મુનશી (B) રા. વિ. પાઠક (C) ઉમાશંકર જોશી (D) સુંદરમ

38. નર્મદના કયા નિબંધને ગુજરાતી ભાષાના પ્રથમ નિબંધ તરીકેનું બહુમાન મળે છે ?

(A) મંડળી મળવાથી થતા લાભ (B) પુનર્વિવાહ (C) કુળમોટપ (D) મૂઆ પછવાડે રોવાકૂટવાનીઘેલાઈ

39. નર્મદની કઈ કૃતિ ગુજરાતી સાહિત્યની પ્રથમ આત્મકથા ગણાય છે ?

(A) મારી હકિકત (B) મારા અનુભવો (C) મારી આપવીતી(D) મારી જીવનયાત્રા

40. નર્મદની આત્મકથા કઈ સાલમાં પ્રગટ થઈ હતી ?

(A) ૧૯૩૩ (B) ૧૯૩૪ (C) ૧૯૩૫ (D) ૧૯૩૬

41. નર્મદે શરૂ કરેલા વિચારપત્રનું નામ શું હતું ?

(A) સંદેશ (B) પ્રહાર (C) ડાંડિયો (D) પડકાર

42. નર્મદેજહેમતપૂર્વક તૈયાર કરેલ ઇતિહાસગ્રંથનું નામ શું છે ?

(A) ગુજરાતની અસ્મિતા (B) રાજ્યનો ઇતિહાસ (C) રાજ્યપ્રવેશ (D) રાજ્યરંગ

43. નર્મદેનામે કોશસાહિત્યનું પુસ્તક રચ્યું છે ?

(A) નર્મકોશ (B) નર્મદનો શબ્દકોશ (C) કોશની દુનિયામાં (D) શબ્દસરિતા

44. નર્મદે પોતાના કયા કાવ્યને 'સુધારાના બાઇબલ' તરીકે ઓળખાવ્યું છે ?

(A) મૂઆ પછવાડે રોવાકૂટવાનીઘેલાઈ (B) પુનર્વિવાહ (C) હિન્દુઓની પડતી (D) વૈધવ્યચિત્ર

45. નર્મદનું 'હિન્દુઓની પડતી' કાવ્ય કેટલી પંક્તિનું છે ?

(A) ૧૨૦૦ (B) ૧૩૦૦ (C) ૧૪૦૦ (D) ૧૫૦૦

46. નર્મદનાપ્રકૃતિકાવ્યોમાંકાવ્ય અનન્ય છે.

(A) વટવૃક્ષ (B) બાપાનીપીંપળ (C) કબીરવડ (D) પાદરનો વડ

47. 'રસરાજની સવારી' નર્મદનુંકાવ્ય છે.

(A) પ્રકૃતિ (B) ચિંતન (C) પ્રણય (D) ભક્તિ

48. ગુજરાતી ભાષાનો સૌપ્રથમ કોશ કયો છે ?

(A) નર્મકોશ (B) અર્થકોશ (C) શબ્દકોશ (D) નર્મદનો શબ્દકોશ

49. નર્મદના 'વૈધવ્યચિત્ર' કાવ્યનો વિષય કયો છે ?

(A) રાષ્ટ્રભાવના (B) પ્રણય (C) પ્રકૃતિ (D) સંસાર સુધારો

50. નર્મદનું 'રુદન રસિક' કાવ્યનો પ્રકાર કયો છે ?

(A) ગીતકાવ્ય (B) મહાકાવ્ય (C) સોનેટ (D) કરુણપ્રશસ્તિ કાવ્ય